# ટ્રસ્ટ, ટ્રસ્ટીઓ અને આધ્યાત્મિક વડા

ટ્રસ્ટનો આત્મા તેના ટ્રસ્ટ્રીઓ છે. આધ્યાત્મિક ટ્રસ્ટની સફળતા- સાર્થકતા શાના પર છે ? લોકો તેને વિશ્વાસની નજરે- સન્માનની નજરે- પ્રતિષ્ઠાની નજરે જુએ તે પર, નહીં કે તેની પાસે કેટલા રુપિયા છે તે પર. તેની પાસે સંપત્તિ કેટલી છે તે વાત તો બીજા કે ત્રીજા નંબરે આવી શકે.

ઉપરોકત પ્રકારનું ટ્રસ્ટ ત્યારે જ બની શકે છે કે જયારે તેના ટ્રસ્ટીઓ તે પ્રકારના હોય અર્થાત્ આંતરિક- આધ્યાત્મિક સૂઝબૂઝવાળા હોય અને બાહ્ય રીતે પણ સરળ, સાધુસ્વભાવવાળા અને સાદાઈયુકત હોય; આંતરિક સત્ત્વસંપત્તિ તથા બુદ્ધિચાતુર્યથી ભરપૂર હોય છતાં ધીર-ગંભીર હોય, છીછરાપણું કે આછકલાપણું તો તેમનામાંથી ગોત્યું પણ ન મળે.

ટ્રસ્ટ્રીઓથી ટ્રસ્ટનું કોઇ અલગ અસ્તિત્વ જ નથી. જેમ દેશ એટલે દેશની જનતા તેમ ‘ટ્રસ્ટ એટલે તેના ટ્રસ્ટીઓ.’ સાચા ટ્રસ્ટીઓને તો પોતાના કલ્યાણ માટે કોઇ બીજી અલગ સાધના કરવાની પણ જરૂરત નથી રહેતી. સદાસર્વદા ટ્રસ્ટના સદ્ઉદ્દેશ્યો પૂરા કરવામાં, તે ઉદ્દેશ્યો સાથે- માટે તેમનું મન એટલું બધું મળેલું રહે છે, તેમનું તન એટલે બધું તન્મય રહે છે, તેમનું ધન એટલે બધું ધસમસતું રહે છે કે પછી તેમના તન- મન ધનનો દુરોપયોગ થવાનો કોઇ અવકાશ જ નથી રહેતો- કોઇ સંભવ જ નથી હોતો. ધન્ય છે આવા ટ્રસ્ટીઓને! તેમના પર સદા ઓમ્ ભગવાનની આશિષ વરસી રહી છે.

આધ્યાત્મિક વડા એ તો છત્રછાયા બરાબર છે. તેમને પ્રેરણામૂર્તિ બનાવીને આધ્યાત્મિક રણમેદાનમાં અથક અને અણનમ રીતે ઝૂઝી શકાય છે. જેમ પુત્રો મોટા થઇ ગયા પછી પોતાની જવાબદારી, વ્યવહાર, કારોબાર વગેરે પોતે સંભાળતા હોય છે, તેમને તે માટે પિતાની સીધેસીધી મદદની કે મંજૂરીની આવશ્યકતા નથી હોતી; છતાં પણ પિતાની છત્રછાયા અને હૂંફથી પુત્રો શ્રદ્ધાયુકત થઇને ઉત્સાહપૂર્વક પોતાની જવાબદારીઓ નિભાવ્યે જતા હોય છે. પિતા પણ શ્રદ્ધા- પ્રેમપૂર્વક સૌ ઉપર હૂંફ વરસાવતા હોય છે. પિતાને પુત્રોનાં કાર્યો, જવાબદારીઓ, આવક જાવક વગેરેની ઝીણી ઝીણી બાબતોમાં માથું મારવાની ઈચ્છાયે નથી હોતી કે જરૂરત નથી જણાતી અને વળી જો મારા જેવો કોઇ અભણ પિતા હોય તો પુત્રો આવકજાવકના આંકડા રજૂ કરે છે તો પણ તેને કાંઇ ખબર પડતી નથી.

પિતાના એ પ્રત્યન સતત ચાલુ જ હોય છે કે પુત્રોમાં જે કાંઇ કમી હોય તે પૂર્ણ થાય અને તેઓ વધુમાં વધુ આદર્શ બને. પુત્રોને ખબર પણ ના પડે તે રીતે પિતા પોતાનું કાર્ય કરતા હોય છે. પરંતુ પિતાનું મુખ્ય કામ તો તે હોય છે કે પોતાની સતત હૂંફ આપીને પુત્રોમાંથી અનાથપણાનો ભાવ કાઢી નાખીને સનાથપણાનો ભાવ ભરી દેવો.

આધ્યાત્મિક વડા પણ આવું જ કાર્ય કરતા હોય છે.

- યોગિભક્ષુ